3

માન.મુખ્યમંત્રીશ્રીની ફરજો બજાવતા અધિકારીઓ
અને કર્મચારીઓ તેમજ એન.એસ.જી. કમાન્ડો તથા
ડેટ ઇન્ચાર્જને હવાઇ મુસાફરીની મંજુરી આપવા બાબત.

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

પરિપત્ર ક્રમાંકઃ વિ/૧/ખસવ/૧૦૨૦૦૫/૧૫૦૯

સચિવાલય, ગાંધીનગર,

તારીખઃ-૫/૧૧/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) ગૃહ વિભાગના તા.૨૪/૫/૨૦૦૭ના પરિપત્ર ક્રમાંકઃ વિ-૧/ખસવ/૧૦૨૦૦૫/ ૧૫૦૯

(૨) ગૃહ વિભાગના તા.૨૧/૪/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંકઃ વિ-૧/ખસવ/૧૦૨૦૦૫/૧૫૦૯

(૩) ગૃહ વિભાગનો તા.૨૬/૧૦/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંકઃ વિ-૧/ખસવ/૧૦૨૦૦૯/૫૧૩૧

<u>પરિપત્રઃ-</u>

માન.મુખ્યમંત્રીશ્રીના સલામતીના પ્રશ્નોને ધ્યાને લઇને રાજય બહારના અમુક કાર્યક્રમો અચાનક નક્કી થતા હોઇ ટુંકા સમયગાળામાં માન.મુખ્યમંત્રીશ્રીની સલામતીની ફરજ બજાવતા પોલીસ ઇન્સ્પેકટર અને પોલીસ સબ ઇન્સ્પેકટર કક્ષાના અધિકારી/કર્મચારીઓને તેમજ માન.મુખ્યમંત્રીશ્રીની સલામતી અર્થે નિમણૂંક પામેલ તથા ટુંક સમય માટે ફાળવવામાં આવતા પોલીસ અધિક્ષક તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓને તેમજ માન.મુખ્યમંત્રીશ્રીની સલામતી માટે ફાળવવામાં આવેલ એન.એસ.જી. ટીમને અચાનક હવાઇ માર્ગે રાજય સરકારના ખર્ચે બહાર જવા માટે કાયમી ધોરણે મંજુરી આપવા બાબતના સંદર્ભમાં જણાવેલ પરિપત્ર,ઠરાવ રદ કરીને નવેસરથી બહાર પાડવાની બાબત સરકારની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે પ્રમાણેનો પરિપત્ર બહાર પાડવામાં આવે છે.

૨, માન.મુખ્યમંત્રીશ્રીના સલામતીના પ્રશ્નોને ધ્યાને લઇ રાજય બહારના અમુક કાર્યક્રમો અચાનક નક્કી થતા હોઇ ટુંકો સમયગાળો હોવાથી માંન. મુખ્યમંત્રીશ્રીની સલામતીની ફરજો બજાવતા પોલીસ ઇન્સ્પેકટર અને પોલીસ સબ ઇન્પેકટર તેમજ ટુંક સમય માટે ફાળવવામાં આવતા પોલીસ અધિક્ષક અને નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓને અચાનક નક્કી થતા પ્રોગામમાં પ્રવાસ માટે હવાઇ માર્ગે મુસાફરી કરવા આથી ખાસ કિસ્સામાં મંજુરી આપવામાં આવે છે.

૩, આ અંગેનો ખર્ચ "મુખ્ય સદર-૨૦૫૫-પોલીસ-ગૌણ સદર-૧૦૯ જિલ્લા પોલીસ, પેટા સદર- ૦૧ જિલ્લા પોલીસ ખુદ" હેઠળ ઉધારી મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

૪, આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૬/૦૪/૨૦૦૭ અને તા.૧૭/૦૪/૨૦૦૯ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિજય બધેકા )
ઉપ સચિવ(કા.વ્ય-૨),
ગૃહ વિભાગ,

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક (ઇન્ટે) ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી.ગાંધીનગર.
- પોલીસ અધિક્ષકશ્રી (સી.એમ.સીક્યુરીટી) અધિક પોલીસ મહાનિદેશક(ઇન્ટે) ની કચેરી, ગુજરાતરાજય,ગાંધીનગર.
- નાણા વિભાગ/ચ-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ..